પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૭૮ | ૮ સપ્ટેમ્બર, ૨૦૧૯, રવિવાર; ભાદરવા સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઈસરોના સંકલ્પ પર દેશને ગર્વ : મોદી

**ચન્દ્રથી માત્ર ૨.૧ કિમીના અંતરે લેન્ડરે સંપર્ક ગુમામી દેતા નિરાશા : ચન્દ્રની ધરતી પર સફળ ઉતરાણ કરવાનુ સપનુ હાલ અધરુ રહ્યુ : ડેટામાં એનાલીસીસ કરવાની પ્રક્રિયા જારી : ચન્દ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરવાની કોઇ દેશે હજુ હિમ્મત કરી નથી : શાનદાર પ્રયાસો બદલ વૈજ્ઞાનિકોની પ્રશંસા**



બેંગલોર,તા. ૭

ભારતના ઐતિ મહત્વકાંક્ષી મિશન ચન્દ્રયાન-૨ને અપેક્ષા મુજબ સફળતા ન મળતા કરોડો દેશવાસીઓ અને વૈજ્ઞાનિકોમાં આજે વહેલી પરોઢે નિરાશાનુ મોજુ ફરી વળ્યુ હતુ. આની સાથે જ ચન્દ્રની ધરતી ભારતીય તિરંગો ફરકાવવાનુ દરેક ભારતીયનુ સપનુ તુટી ગયુ છે. વહેલી પરોઢે દિલધડક અને શ્વાસ અદ્ધર કરી નાંખે તેવા ઘટનાક્રમના દોરમાં ચન્દ્રયાન-૨ પોતાના મિશન પર સફળતાપૂર્વક આગળ વધતી વેળા જ એકાએક સમસ્યા ઉભી થઇ હતી. ચન્દ્રયાન-૨ના ભાગરૂપે લેન્ડર વિક્રમ ચન્દ્રની સપાટીને સ્પર્શ કરવા માટે સફળ રીતે આગળ વધી રહ્યુ હતુ. વૈજ્ઞાનિકો પણ બેંગલોરમાં ઈસરોના મુખ્ય કેન્દ્રો પર ટીવી સ્ક્રીન પર બાજ નજર રાખીને બેઠા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે પણ લેન્ડર વિક્રમની આગેકુચને ઉત્સુક વૈજ્ઞાનિકો અને દેશભરમાંથી આવેલા ૭૪ બાળકોની સાથે જોઇ રહ્યા હતા. દેશભરના કરોડો ભારતીય લોકો પણ ટીવી પર આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા માટે તૈયાર હતા. લેન્ડર વિક્રમ એકપછી એક સપાટીને પાર કરીને આગળ વધી રહ્યુ હતુ. વૈજ્ઞાનિકો તાળીઓથી લેન્ડર વિક્રમની કુચને વધાવી રહ્યા હતા. છેલ્લી નિર્ણાયટક ઘડી ત્યારબાદ આવી

● અનુસંધાન પાન-૭ પર

## શિવાન ભાવૂક બન્યા : મોદીએ ગળે લગાડી હિંમત આપી

**વિજ્ઞાનમાં નિષ્ફળતા હોતી જ નથી માત્ર પ્રયાસો થાય છે**

**વૈજ્ઞાનિક પર ગર્વ : નાની પીછેહટથી ડરવાની જરૂર નથી**



બેંગલોર,તા. ૭

ભારતના મહત્વકાંક્ષી મિશન ચન્દ્રયાનને અપેક્ષા મુજબના પરિણામ ન મળતા અને ઈસરો સાથે લેન્ડર વિક્રમનો સંપર્ક તુટી ગયા બાદ ઈસરોના વડા કે. શિવાન ભારે નિરાશ દેખાયા હતા. તેઓ પોતાની ભાવનાને છુપાવી શક્યા ન હતા. તેઓ રડી પડ્યા હતા. એ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને ગળે લગાવીને હિમ્મત આપી હતી. મોદી અને શિવાન બંને ભાવુક બન્યા હતા. લેન્ડર વિક્રમનો સંપર્ક તુટી ગયા બાદ મોદીએ દેશ અને ઈસરોના વૈજ્ઞાનિકોને સંબોધન કર્યુ હતુ. તેમણે કહ્યુ હતુ કે નાની નાની નિષ્ફળતાથી ડરવાની કોઇ જરૂર નથી. ઈસરો પોતે એક પ્રકારની સફળતાની ઈન્સાઈક્લોપિડિયા છે. તેમણે સંબોધનમાં કહ્યુ હતુ કે અમારા વૈજ્ઞાનિકો માખણ પર લાઈન ખેંચનાર લોકોમાંથી નથી બલ્કે પથ્થર પર લાઈન પાડનાર લોકોમાંના છે. તેમણે કહ્યુ હતુ કે અચડણોથી જુસ્સો ક્યારેય ઓછો થતો નથી. ઈસરોના વૈજ્ઞાનિકોએ એકપછી એક સફળતા હાંસલ કરી છે. હજુ વૈજ્ઞાનિકોના સફળ પ્રયાસો એક પછી એક સિદ્ધી ભારતને અપાવનાર છે. મોદીએ કહ્યુ હતુ કે ચન્દ્રયાન-૨ના અંતિમ તબક્કામાં પરિણામ અપેક્ષા

● અનુસંધાન પાન-૭ પર

## ચંદ્રયાન ૨નુ ઑર્બિટર ચંદ્રની કક્ષામાં સંપૂર્ણ સુરક્ષિત, લગાવી રહ્યુ છે ચક્કર : ઈસરો

**ચંદ્રયાન-૨ ખોરંભેઃ ખામી સર્જાતાં વિક્રમનો સંપર્ક તૂટયો : ચંદ્રયાન-૨ મિશન ૯૫ ટકા સફળ,એક વર્ષ સુધી મિશનનું ઓર્બિટર ચંદ્રની કેટલીક તસ્વીરો ઇસરોને મોકલશે**

બેંગ્લુરુ,તા.૭

ચંદ્રયાન ૨ના લેન્ડર વિક્રમે ચંદ્ર પર લેન્ડિંગના બરાબર ૨.૧ કિલોમીટર પહેલાં તેનો ઈસરો સાથે સંપર્ક તૂટી ગયો. વિક્રમનો સંપર્ક કેમ તૂટી ગયો કે પછી તે દુર્ઘટનાગ્રસ્ત તો નથી થયું? અત્યારે ભલે કોઈ માહિતી નથી પરંતુ ૯૭૮ કરોડ રૂપિયા ખર્ચ કરનાર ચંદ્રયાન-૨ મિશનમાં પણ હજુ બધું જ ખત્મ થઈ ગયું નથી. ઈસરોના એક અધિકારીએ નામ ના આપવાની શરતે કહ્યું કે મિશનના માત્ર પાંચ ટકા લેન્ડર વિક્રમ અને પ્રજ્ઞાન રોવરને નુકસાન થયું છે. જ્યારે બાકી ૯૫ ટકા ચંદ્રયાન-૨ ઑર્બિટર – હજુ પણ ચંદ્રમાના સફળતાપૂર્વક આટા મારી રહ્યું છે.

એક વર્ષના સમયગાળાવાળા મિશનનું ઑર્બિટર ચંદ્રની કેટલીય તસવીરો ઈસરોને મોકલી શકે છે. અધિકારીએ કહ્યું કે ઑર્બિટર લેન્ડરની તસવીરો પણ લઈને મોકલી શકે છે. આથી તેની સ્થિતિ અંગે ભાળ મેળવી શકાય છે. ચંદ્રયાન-૨ અંતરિક્ષ યાનમાં ત્રણ ખંડ છે – ઑર્બિટર (૨૩૭૯ કિલોગ્રામ, આઠ પેલોડ), વિક્રમ (૧૪૭૧ કિલોગ્રામ , ચાર પેલોડ) અને પ્રજ્ઞાન (૨૭ કિલોગ્રામ, બે પેલોડ). વિક્રમ બે સપ્ટેમ્બરના રોજ ઑર્બિટરથી અલગ થઈ ગયું હતું.

### ઈસરોની ટીમની પ્રતિબદ્ધતાને સલામ : રાષ્ટ્રપતિ

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યુ છેકે, ઈસરોનાં વૈજ્ઞાનિકો ઉપર ગર્વ છે. કોવિંદે ટ્વીટ કર્યુ છે કે, ચંદ્રયાન-૨ મિશનની સાથે ઈસરોની આખી ટીમે અસાધારણ પ્રતિબદ્ધતા અને સાહસનું પ્રદર્શન કર્યુ છે. દેશને ઈસરો પર ગર્વ છે.

### ભારતીયોની આશા નથી તૂટી : ઉપરાષ્ટ્રપતિ

ચંદ્રયાન-૨ના લેન્ડર વિક્રમનો ચંદ્ર પર લેન્ડિંગ દરમિયાન માત્ર ૨.૧ કિમી ઉંચાઈ પર હતું ત્યારે ઈસરો સાથે સંપર્ક તૂટી ગયો છે. તેના બાદ ઈસરોના વૈજ્ઞાનિકો હતાશ થઈ ગયા છે. સમગ્ર દેશ અફસોસ વ્યક્ત કરી રહ્યો છે પરંતુ વૈજ્ઞાનિકોના કામની પ્રસંશા કરી રહ્યો છે. ચંદ્રયાન-૨ અંગે હજુ પણ જાણકારીની રાહ જોવાઈ રહી છે. ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુએ કહ્યું કે તેમાં નિરાશ થવા જેવી કોઈ વાત નથી.

### ઈસરો માટે ભારતીયોને ગર્વ છે : અમિત શાહ

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, ચંદ્રયાન-૨ વિશે ઈસરોની અત્યાર સુધીની સફળતા પર દરેક ભારતીયને ગર્વ છે. ભારત ઈસરોના પ્રતિબદ્ધ અને પરિશ્રમ કરનાર દરેક વૈજ્ઞાનિક સાથે ઉભા છે. ઈસરોની ભવિષ્યની યોજનાઓ માટે મારી શુભેચ્છા.

### અમે ઈસરોની સાથે છીએ : નિર્મલા સીતારમણ

નાણા મંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, અમે ઈસરોની સાથે છીએ. તમે દેશનું સન્માન વધાર્યુ છે. તમે અંતરિક્ષમાં દેશની સફળતાનો અનુભવ કરાવવા માટે દેશ, યુવકો બધાને એક સાથે લાવ્યા છો. આપણે જરૂર સફળ થઈશું.

### આવતીકાલે સફળ થઈશું જ : સોનિયા ગાંધી

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ પણ શનિવારના રોજ કહ્યું હતું કે, આ સફર થોડી લાંબી જરૂર થઈ છે, પરંતુ આવનારી કાલમાં સફળતા જરૂર મળશે. સોનિયા ગાંધીએ એક સ્ટેટમેન્ટમાં ઈસરોના વૈજ્ઞાનિકોના ઉલ્લેખનીય પ્રયાસોના વખાણ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, અમે ઈસરો અને તેની સાથે જોડાયેલા પુરુષો અને સ્ત્રીઓના ઋણી છીએ. તેમની સખત મહેનત અને સમર્પણે ભારતને અંતરીક્ષની દુનિયામાં અગ્રણી દેશોની લાઇનમાં શામેલ કરી દીધા છે અને ભવિષ્યની પેઢીઓને પ્રેરિત કરી છે અને તેઓ અવકાશ સુધી પહોંચ્યા.

### અમને તમારા પર ગર્વ છે : રાહુલ ગાંધી

કોંગ્રેસ પક્ષના ભૂતપૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ શનિવારે સવારે કહ્યું હતું કે અમને આપણા દેશના વિજ્ઞાનીઓ પર ગર્વ છે, આખો દેશ વિજ્ઞાનીઓ સાથે છે, હતાશ થવાની જરૂર નથી. આપણે ફરી પ્રયાસ કરીશું.રાહુલ ગાંધીએ વિજ્ઞાનીઓને અભિનંદન આપતાં કહ્યું હતું કે તમારા પ્રયાસો નકામા નહીં જાય. આ કાર્યે ભારતીય અંતરિક્ષ મિશન ક્ષેત્રે બહુ ઊંડો પાયો નાખ્યો છે. આપણને અચૂક સફળતા મળશે.

### વૈજ્ઞાનિકોની મહેનત ઐતિહાસિક : ભૂટાનના વડાપ્રધાન

ભૂટાનના વડાપ્રધાન લોતે શેરિંગે કહ્યું કે, અમને ભારત અને તેમના વૈજ્ઞાનિકો પર ગર્વ છે. ઈસરો વૈજ્ઞાનિકોની સખત મહેનત ઐતિહાસીક છે. મોદી અને તેમની ટીમને જરૂર સફળતા મળશે.

## ‘નલ સે જલ’ યોજના માટે સાડા ત્રણ લાખ કરોડ ખર્ચાશે

**૮ કરોડમું ઉજ્જવલા ગેસ કનેક્શન નરેન્દ્ર મોદીએ પુરુ પાડ્યું : સાત મહિના પહેલા લક્ષ્યને પરિપૂર્ણ કરવામાં સફળતા : આઠ કરોડ કનેક્શનો પૈકી ૪૪ લાખ એકલા મહારાષ્ટ્રમાં અપાયા : ઇસરો જેવી કટિબદ્ધતા જરૂરી**

ઔરંગાબાદ, તા. ૭

ચંદ્રયાન-૨ મિશનને લઈને



જે કંઈપણ થયું તેમ છતાં વૈજ્ઞાનિકોનો જુસ્સો આસમાન પર પહોંચેલો છે. વૈજ્ઞાનિક હવે બોધપાઠ લઈને આગળ વધવા માટે કટિબદ્ધ છે. ઈસરો જેવી કટિબદ્ધતા સાથે જીવનના દરેક સંકલ્પને પૂર્ણ કરી શકાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મહારાષ્ટ્રના ઔરંગાબાદમાં આઠ કરોડમાં ઉજ્જવલા ગેસ કનેક્શન આપતી વેળા આ અંગેની જાહેરાત કરી હતી. સાત મહિના પહેલા જ આઠ કરોડ ગેસ કનેક્શન આપવાના લક્ષ્યને હાંસલ કરવામાં સફળતા મળી છે. ઔરંગાબાદની આયશા શેખને ૮ કરોડમું ગેસ કનેક્શન આપતી વેળા મોદીએ કહ્યું હતું કે, ઉજ્જવલા યોજના હેઠળ આઠ કરોડ ગેસ કનેક્શન આપવાના જે સંકલ્પો કર્યા હતા તે સંકલ્પને પૂર્ણ કરવામાં સફળતા

● અનુસંધાન પાન-૭ પર

## રાષ્ટ્રપતિના વિમાન માટે પાક એરસ્પેસ ખોલશે નહીં

**પોતાની હાલત કફોડી હોવા છતાં સંબંધ સુધારવા તૈયાર નથી : પાકિસ્તાને કોવિંદના વિમાન માટે મંજુરી ન આપી : કોવિંદ સોમવારથી ત્રણ દેશોની યાત્રા પર રવાના થશે**

નવીદિલ્હી, તા. ૭

જમ્મુ કાશ્મીરને ખાસ રાજ્યનો દરજ્જો આપતી કલમ ૩૭૦ને નાબૂદ કરવામાં આવ્યા બાદ પાકિસ્તાન દ્વારા સહકાર નહીં કરવાની હરકતો જારી રાખવામાં આવી છે. એકબાજુ ઉશ્કેરણીજનક કૃત્યો કરવામાં આવી રહ્યા છે. બીજી બાજુ દ્વિપક્ષીય મોરચે પણ ખરાબ વર્તન કરવામાં આવી રહ્યું છે. પાકિસ્તાન એકબાજુ જીવન રક્ષક દવાઓ આપવા ભારત સમક્ષ અપીલ કરી રહ્યું છે. બીજી બાજુ ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને આઈસલેન્ડ જવા માટે એરસ્પેસનો ઉપયોગ કરવાની મંજુરી આપવાનો ઈન્કાર કરી દીધો છે. પાકિસ્તાનના વિદેશ મંત્રી શાહ મહેમુદ કુરેશીએ કહ્યું છે કે, ભારતે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની આઈસલેન્ડની ફલાઈટ માટે મંજુરી માંગી હતી પરંતુ પાકિસ્તાને આ મંજુરીને ફગાવી દીધી છે.

● અનુસંધાન પાન-૭ પર

## એટીએમમાંથી વધુ ટ્રાન્ઝેક્શન પર ચાર્જ લાગૂ કરી ન શકાય : આરબીઆઈ

નવીદિલ્હી, તા. ૭

બેંક પોતાના સેવિંગ્સ એકાઉન્ટના ગ્રાહકોને દર મહિને એટીએમથી કેટલાક પ્રમાણમાં ફ્રી ટ્રાન્ઝિકેશનની મંજુરી આપે છે ત્યારબાદ તેઓ ચાર્જની વસુલી કરે છે. અલબત્ત હવે ભારતીય રિઝર્વ બેંકે એટીએમથી એવા ટ્રાન્ઝિક્શનની યાદીને સ્પષ્ટ કરી છે જેના પર બેંક ચાર્જ વસુલ કરી

● અનુસંધાન પાન-૭ પર


**Required**

For a Financial Solution Company

Equiry Dealer-NSE,BSE

Office Executive-MF,GIC

Pay 7500 to 12500+incentive

9974703401

**સીવીલ એન્જીનીયર જોઈએ છે**

**(ગાંધીનગર જીલ્લાની સાઈટ માટે)**

- ગાંધીનગર ખાતે રહેનાર
- લાઈન આઉટ, પ્લાન તથા એસ્ટીમેટના અનુભવી
- કોમ્પ્યુટરના જાણકાર
- ઓનલાઈન ટેન્ડર ભરી શકનાર

**M. 9687794577**

**ROOPKALA**

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

**ઉમિયા કેરિયર એકેડમી-ગાંધીનગર**



શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગર પ્રેરિત ઉમિયા કેરિયર એકેડમી દ્વારા GPSC, વર્ગ-૧/૨ તતા વર્ગ-૩ની સરકારી ભરતી માટેની તૈયારી કરતા પાટીદાર ઉમેદવારો માટે તારીખ : ૮/૯/૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે ઉમા સમાજ ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે ફ્રી સેમિનારનું આયોજન કરેલ છે, જેમા સૌ પાટીદાર ઉમેદવારોને પધારવા વિનંતી છે.

(ભરતભાઈ બી. પટેલ) પ્રમુખ | (ભોળાભાઈ આઈ. પટેલ) મહામંત્રી | (કે. કે. પટેલ) કન્વીનર

